તાઃ ૨૭.૧૨.૨૦૧૮

આત્મ ચારિત્રની ખીલવણી માટેનો ક્રમ નઃ ૫

---

૧. ૐ 3

૨. નવકાર મંત્ર 3

૩. ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે,
મિત્તિ મે સવ્વ ભૂએષુ, <u>વૈરં મજ્ઝં ન કેણઈ.</u> 3

૪. હર આળસ એદીપણું, હર અઘ ને અજ્ઞાન,
હર ભ્રમણા ભારત તણી, ભયભંજન ભગવાન. ૨

૫. <u>હે જીવ! ક્યા ઈચ્છત હવે?</u> હૈ ઈચ્છા દુઃખ મૂલ;
જબ ઈચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ. ૨

૬. રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હ્રદયે લખો. ૨

૭. કોઈનો દોષ નથી, અમે કર્મ બાંધ્યા માટે અમારો દોષ છે. 3

૮. ભગવાન! મારે સુધરવું છે, તમે મને સુધારો. (૪)
ભગવાન! અમારે સુધરવું છે, <u>તમે અમોને સુધારો.</u> (૪) ૨

૯. આદિનાથ! આશા પૂરો, (૪) શાંતિનાથ શાતા કરો. (૪)
પાર્શ્વપ્રભુ પરચા પૂરો. (૪) વીરપ્રભુ વીરતા આપો (૪)
સિમંધર સ્વામી! આજ્ઞા કરો. (૪) કૃપાળુદેવ કૃપા કરો (૪)
શ્રી ગુરૂદેવ રક્ષા કરો. (૪)

૧૦. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. .... અપૂર્વ ૧

૧૧ મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર,
કરૂણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર, ૨

૧૨. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. .... અપૂર્વ ૧

૧૩. રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ,
જગત ઈષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૨

૧૪. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્ગલ એક સ્વભાવ જો. ..... અપૂર્વ ૧

૧૫. નહીં તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહીં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૨

૧૬. પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં, ૨
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે. ૨

૧૭. પામશું પામશું પામશું રે, કેવળજ્ઞાન હવે તો પામશું રે. (૨)
શુક્લધ્યાને બહુ સ્થિર થઈને (૨) અંતરના વેગને વધારશું રે, (૨)કેવળજ્ઞાન
એમ કષાયથી ભિન્ન થઈને (૨) આત્માના ગુણમાં રહીશું રે. (૨)
જ્ઞાન, દર્શન ને ચારિત્ર પામીને (૨) શુદ્ધ સ્વરૂપ પ્રગટાવીશું રે (૨)કેવળજ્ઞાન

૧૮. ઠરી અવરને ઠાર, એ છે ચૌદ પૂર્વનો સાર, ]
ઠરી અવરને ઠાર, એ છે ૐ નો પરિવાર ] ૨
ઠરી અવરને ઠાર, એ છે ચૌદ પૂર્વનો સાર, ]
ઠરી અવરને ઠાર, <u>એ છે કેવળી પ્રભુનો સાથ,</u> ] ૨

૧૯. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
<u>પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.</u> ...... અપૂર્વ ૧

૨૦ ૐ થી, ૐ માં, ૐ રૂપે, <u>અમે ૐ બનીએ.</u> ૪

૨૧ આતમ જ્યોતિ અનુભવી હું, ]
શાંત રસમાં રમતી રહું, ] ૨
વીતરાગતાના તાણેવાણે, ] ૨
ચડતા ક્રમમાં સ્થિર બનું, ] ૧
એ એનુભવ મને નિત્ય રહો ] ૩